ઈ.સ. ૧૯૫૪ની સાલ હતી. માણાવદરના અત્યંત નિષ્ઠાવાન અને પ્રેમી મુક્તરાજ પ.ભ. દેવશીબાપાના આગ્રહને વશ થઈ ગુરુહરિ યોગીજી મહારાજ માણાવદર સૌને સત્સંગનો લાભ આપવા પધાર્યા હતા. બાપાની સાથે ગુરુહરિ કાકાજી પણ પહેલી જ વાર માણાવદર પધાર્યા હતા. શાર્કસ્કીનના સૂટમાં સજ્જ ૩૬ વર્ષના તેજસ્વી યુવાન કાકાજી પોતાની નિરાળી પ્રતિભાથી સૌથી જુદા તરી આવતા હતા. માણાવદરના નગર ચોકમાં જાહેર સભાનું આયોજન થયું હતું. વિશાળ ચોકમાં લગભગ પાંચ હજાર હરિભક્તો, મુમુક્ષોઓ ને જિજ્ઞાસુઓની સભા હકડેઠઠ ભરાઈ હતી. સભાનો કાર્યક્રમ શરૂ થયો ને વિધિવત પૂજન પછી બાપા કાકાશ્રી તરફ જોઈ બોલ્યા, 'હવે દાદુભાઈ સાહેબ વાત કરશે.' બાપાની આજ્ઞા થતા જ કાકાશ્રી ઊભા થયા. તેમને જોઈને જ અનેક આંખો અપેક્ષાભરી નજરથી તેમના પર કેન્દ્રિત થઈ. કેટલાયના કાન સરવા થયા ને હૃદય ઉત્કંઠા અનુભવવા લાગ્યા. કાકાજીએ પોતાની લાક્ષણિક ઢબે હળવી શૈલીમાં વાતની શરૂઆત કરી ને પછી તો એવા વરસ્યા કે એક કલાક ક્યાં પસાર થઈ ગયો તેનો કોઈને ખ્યાલ રહ્યો નહિ ! સભામાં નીરવ શાંતિ છવાઈ ગઈ હતી. કાકાજીનું પ્રવચન પૂરું થયું ને અચાનક બારેય મેઘ એકસાથે તૂટી પડે એમ કેટલીય પળો સુધી તાળીઓનો વરસાદ વરસી રહ્યો. ખૂણામાંથી Once More, Once More એવા આગ્રહભર્યા સૂચનોનો પોકાર થવા માંડયો. આ અંગ્રેજી શબ્દો સાંભળી મંદમંદ હસતા યોગીબાપાએ સાથેના કાર્યકર્તાઓને પૂછ્યું કે આ બધા શું બોલે છે ? તેઓએ બાપાને કહ્યું કે આ બધાની ઈચ્છા છે કે દાદુભાઈ ફરીથી લાભ આપે. મીઠું સ્મિત વેરતાં બાપા કહે દાદુભાઈ સાહેબને પૂછો ! બાપાની મરજી જાણી કાકાજી ફરીથી ઊભા થયા.

કાકાજીએ સભાને ઉદ્‌બોધીને કહ્યું કે કોઈને કંઈ પ્રશ્ન હોય તો પૂછો. કાકાજીનું સૂચન સાંભળી પ્રશ્નોની ચિઠ્ઠીઓ એક પછી એક આવવા માંડી. થોડી ક્ષણોમાં તો ઘણી બધી ચિઠ્ઠીઓ આવી ગઈ. કાકાજીએ પહેલી ચિઠ્ઠી લીધી ને વાંચ્યા વગર જ પોતાના કોટના ખીસ્સામાં મૂકી ને ફરી પોતાની આગવી શૈલીથી બાપાના અપરંપાર મહિમા, સાચો સત્સંગ વિ. અનેક વાતો કરી. કાકાજીની વાતો પૂરી થઈ ત્યારે ફરીથી સભામાં નીરવ શાંતિ છવાઈ ગઈ હતી. સૌ સ્તબ્ધ બની કાકાજીને નીરખી રહ્યા હતાં. કારણ એક પણ ચિઠ્ઠી વાંચ્યા વગર કાકાજીએ જે વાતો કરી હતી તેમાં બધીય ચિઠ્ઠીમાં લખેલ પ્રશ્નના સચોટ ઉત્તર આવી ગયા હતા. સૌની શંકાનું સમાધાન થઈ ગયું હતું, હૃદય સંતૃપ્ત થઈ ગયાં હતાં.

હે વ્હાલા સત્સંગી સ્વજનો, કેવળ ગુણાતીત સમાજ નહીં પણ અક્ષરપુરુષોત્તમ સંસ્થા અને સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં માણાવદરનો સત્સંગ પ્રભુના શિરમુકુટના મણિ જેવો સદાય ઝળહળતો રહ્યો છે. છેક સદ્‌ગુરુ રામાનંદસ્વામીના સમયથી અહીંના નિષ્ઠાવાન સત્સંગી પ.ભ. મયારામ ભટ્ટ તથા આજુબાજુના અન્ય ગામોના મુક્તોએ અને તેમની પેઢીઓએ સત્સંગના નૂરને દિન પ્રતિદિન વધુ ને વધુ ઉજ્જવળ અને પ્રકાશિત કર્યું છે અને યોગીબાપાના સમયમાં તો જાણે આ પ્રદેશનો સત્સંગ સોળે કળાએ ખીલી ઊઠ્યો. નિષ્ઠાવાન અને આત્મીય સ્વજન પ.ભ. દેવશીબાપાને યોગીબાપા પ્રત્યે અનેરો લગાવ હતો અને જ્યારથી કાકાજીને સાક્ષાત્કાર થયો ને બાપાના સાચા સ્વરૂપની સૌને ઓળખાણ કરાવી ત્યારે બાપાના વચને તેમની યોજના મુજબ સત્સંગ અર્થે સર્વસ્વ ફના કરી બાપાનો અંતરનો રાજીપો લેવામાં આ મંડળ સદા મોખરે રહ્યું છે. કાકાજી પણ આ પ્રદેશના ભક્તોનાં ભોળાં દિલ, સેવા અને સત્સંગની તેમની ધગશથી આ મંડળ ઉપર જાણે પોતાને આગવો પક્ષપાત અને પ્રીતિ હોય એવું દર્શન કરાવતા. બાપાની મરજી જાણી પ.ભ. દેવશીબાપાના પુત્ર ભગવત્ સ્વરૂપ પ.પૂ. હરિભાઈ સાહેબે પણ બાપાને અને કાકાજીને એવો તો અનેરો સહકાર આપ્યો કે આજે આ પ્રદેશના લગભગ ૧૫૦ થી પણ વધુ મુક્તોએ ભાગવતી યા વ્રતધારી દીક્ષા લઈ પોતાનું જીવન ધન્ય તો કર્યું પણ બાપાના અભિપ્રાય મુજબ સેવા કરી તેમનો અંતરનો રાજીપો મેળવ્યો. બાપાએ જ્યારે ૧૯૬૧માં ૫૧ યુવકોને દીક્ષા આપી ત્યારે ૧૮ યુવકો તો કેવળ માણાવદર તાલુકાના જ હતા. સર્વે ગુણાતીત સ્વરૂપોના પરમ લાડીલા સંતવર્ય પૂ. કોઠારીસ્વામી (પૂ. પુરુષોત્તમચરણસ્વામી, હરિધામ, પ.ભ. દેવશીબાપાના સુપુત્ર અને ભ.સ્વ.પ.પૂ. હરિભાઈસાહેબના અનુજ) એ આ પ્રદેશની જ સત્સંગ સમાજને અનોખી ભેટ છે. યોગીબાપા પછી પ.પૂ. કાકાજીની મરજી મુજબ પ.પૂ. ભાઈએ પણ આ મંડળની અદ્‌ભુત ગોવાળી કરી અને પોતાના સંતાનોથી જ શરૂઆત કરી અનેક વ્રતધારી યુવકો-બહેનોની ગુણાતીત સમાજને ભેટ ધરી. શૂરવીરતા ને કુરબાની એ તો આમેય સોરઠ પ્રદેશની આગવી પિછાણ છે ને એવા 'સોરઠના સિંહ'ની ઉપમા પામેલ પ.પૂ. હરિભાઈ અને તેમના સાથીદારો અને ભક્તોએ પોતાના જીવનથી તેની એવી તો અનોખી સુવાસ પ્રસારી છે કે તેમની રાહે નાના યુવકો પૂ. રણછોડભાઈ, પૂ. દિનેશભાઈ, પૂ. રતિલાલભાઈ તથા અન્ય યુવકોએ પ.પૂ. સાહેબની નિશ્રામાં પૂ. અરુણભાઈ (હાલ ધારી) થકી પ્રેરણા અને તાલીમ પામી વ્રતધારી સાધક બનવાનો નિર્ણય કર્યો અને આજે 'અનુપમ મિશન'નું માણાવદર કેન્દ્ર સત્સંગની અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે અને પ્રગટની સર્વોપરી નિષ્ઠા, સર્વદેશીયતાનાં દિવ્ય આંદોલનો સર્વત્ર રેલાવી રહ્યું છે.

તા. ૧૦ થી ૧૨ જૂન દરમ્યાન ગુરુહરિ પ.પૂ. કાકાશ્રીનો ૮૫મો પ્રાગટ્યોત્સવ, તેઓશ્રીના સાક્ષાત્કારના સુવર્ણ મહોત્સવનું તૃતીય સોપાન તથા માણાવદરના નૂતન મંદિરનો ૩૮મો પાટોત્સવ એમ ત્રણ મંગલકારી પ્રસંગો ખૂબ જ ઉત્સાહ અને ભક્તિથી ભ.સ્વ.પ.પૂ. સાહેબની પ્રેરણા ને માર્ગદર્શન હેઠળ અનુપમ મિશન, માણાવદરના તરવરિયા યુવકો અને સર્વે હરિભક્તો ઉજવી રહ્યા છે ત્યારે સમગ્ર સત્સંગ સમાજમાં કાકાજીના અંતરના હાર્દરૂપી ભાવાત્મક એકતા, સર્વદેશીયતા ને આત્મીયતાનાં પૂર ઊમટે અને આપણે સૌ એમાં તરબોળ થઈ જીવન ધન્ય કરીએ એ કાકાજી તથા સર્વે ગુણાતીત સ્વરૂપોને ચરણે આ મંગલ અવસરે અંતરની પ્રાર્થના કરીએ.

# માહાત્મ્ય દર્શન – પ.પૂ. વશીભાઈ



| | | |
|---|---|---|
| પૂરું નામ | : | હેમંતભાઈ ઈશ્વરલાલ વશી |
| હુલામણું / પ્રચલિત નામ | : | વશીભાઈ |
| જન્મતારીખ | : | ૭ જુલાઈ, ૧૯૫૩ |
| જન્મસ્થળ | : | પૂણી (દક્ષિણ ગુજરાત) |
| પિતા | : | પ.ભ. ઈશ્વરલાલ ડાહ્યાભાઈ વશી |
| માતા | : | પ.ભ. સુમિત્રાબેન ઈશ્વરલાલ વશી |
| મોટા ભાઈ | : | પૂ. અજિતભાઈ (હાલ પૂ. નિર્મળજીવનસ્વામી, સાંકરદા) |
| નાના ભાઈ | : | પ.ભ. હર્ષદભાઈ અને પ.ભ. અનંતભાઈ |
| અભ્યાસ | : | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (C. A.) |

‘હું તારા જેવો ભજનિક બનું એવી મહાપૂજામાં પ્રાર્થના કરજે !’ તા. ૪થી મે ૨૦૦૨ના શુભ દિવસે અનંતના પ્રાણાધાર એવા ગુણાતીત સત્પુરુષે એક સાધક મુક્તરાજ આગળ પોતાના અંતરની ભાવના સાચે જ એક સાધકની અરજ અને ગરજથી રજૂ કરી. આજુબાજુ ઊભેલા અંગત સેવકો, વડીલ હરિભક્તો અને કેટલાક તો સાવ નવા જ હરિભક્તો થોડાક અચંબાથી પણ વધુ તો અહોભાવથી બન્નેને નીરખી રહ્યા. એમના હૈયામાં મીઠી મૂંઝવણ અને અસમંજસ હતી. કોને બિરદાવવા? અખંડ ભગવાનના ધારક, અનંતના ચૈતન્ય જનની હોવા છતાં હૃદયના ભાવથી પ્રાર્થના રજૂ કરી રહેલ પોતાના પ્રાણાધારસમા ગુરુહરિને, કે જેમની આગળ એ પ્રાર્થના તેઓ રજૂ કરતા હતા તેવા સૌના આદર્શ એવા એ સાધક મુક્તરાજને ?

એ સાધક મુક્તરાજ તો એ ગુરુહરિને હાથ જોડી, મસ્તક નમાવી વંદી રહ્યા પણ આજુબાજુના નવા હરિભક્તોમાંથી એક ભાઈ પોતાની જિજ્ઞાસા રોકી શક્યા નહિ અને જેવી એમને તક મળી એટલે તરત જ એ મુક્તરાજને પૂછ્યું, 'ભાઈ, તમે કોણ છો ? ગુરુહરિનો આજે પ્રાગટ્યદિન છે. સવારથી કેટલાય હરિભક્તો એમના દર્શને આવ્યા છે, એ સૌને તેઓ મળ્યા છે, કેટલાયને ભેટ્યા છે, ધબ્બા માર્યા છે પણ તમને મળતા એમના મુખારવિંદ પર કોઈ જુદો જ આનંદ વર્તાય છે.'

મિત્રો, જેમના પ્રાગટ્યદિને જ્યારે હજારો હરિભક્તો પોતાના અંતરની સર્વશ્રેષ્ઠ ભાવનાઓ તેઓશ્રીના અંતર તરફ વહાવતા હોય ત્યારે એક સાધક મુક્તરાજ આગળ પોતાના અંતરની ભાવના રજૂ કરનાર એ ગુણાતીત સત્પુરુષ એટલે ગુણાતીત સમાજના પ્રાણપુરુષ પ્ર.બ્ર.સ્વ.પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી અને એ સાધક મુક્તરાજ એટલે કેવળ આપણા જ નહિ પણ સમગ્ર સત્સંગ સમાજના પરમ લાડીલા પ.પૂ. હેમંતભાઈ વશી કે જેમને આપણે સહુ વહાલથી 'વશીભાઈ' તરીકે સંબોધીએછીએ.

કેવળ સ્વામીશ્રી જ નહિ, પરંતુ સર્વે ગુણાતીત સત્પુરુષો જેમને જોતા જ પુલકિત થઈ જાય, વડીલ એકાંતિકોને કોઈ સખાને મળ્યા જેવો હર્ષ થાય, સાથીદારો ગર્વ અનુભવે અને યુવકો અને બાળકોનાં હૈયાં નાચી ઊઠે તો નક્કી માનવું કે એ 'વશીભાઈ' જ હશે.

બાળક જેવી સહજ નિર્દોષતા, નિર્દંભતા, હલકાફૂલપણું, નિખાલસપણું અને સૌથી વિશેષ તો સર્વમાં સ્વજન જેવી આત્મીયતા એ વશીભાઈની આગવી વિશિષ્ટતા છે. પોતે અખંડ આનંદમાં રહેવું અને સૌને આનંદમાં રાખવા એ જ જાણે એમનો ઉમંગ છે, પોતે ધૂન, ભજન કરવાં અને સૌને એ માર્ગે વાળવા એ જ જાણે એમનો ઉદ્યમ છે. પોતે બધો જ ભાર પ્રભુ પર નાખી હલકાફૂલ રહેવું ને સૌને ભગવાન ને સંતનો આશરો દૃઢ કરાવી હલકાફૂલ કરવા એ જ એમનો વણલખ્યો નિયમ છે.

પોતાના કોલેજ કાળે સત્સંગના યોગમાં આવ્યા, યોગીબાપાનાં દર્શન કરેલાં પણ વિશેષ પરિચય કાકાજી સાથે થયો ને પૂર્વના કોઈ અતિ બલિષ્ઠ સંસ્કાર ઉદય થઈ ગયા, મન કાકાજીને ચરણે સમર્પિત થઈ ગયું. પ્રથમ પરિચય અલ્પ સમયમાં જ સર્વસ્વના અંતિમ સમર્પણમાં પલટાઈ ગયો. કાકાજીએ પણ એમના અંતરનું હીર પારખી લીધું હતું અને તે કાળે તનથી ને મનથી સાવ નાના બાળક લાગતા વશીભાઈ ઉપર 'ભગવાનના દીકરા'ની મોટપ રૂપી આશિષ વરસી ગયા.

વશીભાઈ સાધક બની તારદેવ રહેવા આવ્યા અને કાકાશ્રીએ એમની બાલસહજ ચંચળતા, લૌકિક નિર્દોષતાને દિવ્ય કરી એમને પ્રભુના રંગે રંગી દીધા. તારદેવમાં રહીને જ અત્યંત કઠિન ગણાય એવો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો અભ્યાસ ખૂબ જ કપરા સંજોગોમાં કાકાશ્રીના આશીર્વાદે અને પ.પૂ. બાપુ, પ.પૂ. રમેશભાઈ સોની અને વડીલ સાધક ભાઈઓની છત્રછાયાની ઓથે પૂર્ણ કર્યો. કાંદિવલી રહેતા હતા ત્યારથી જ બાપુની દૃષ્ટિ અને માર્ગદર્શન હતાં જ ને તેથી જ કાકાશ્રીને રાજી કરવાની સુરુચિ ને ઉમંગ ઉત્તરોત્તર વધતાં જ ગયાં. એમના અંતરની નિર્મળતા ને નિર્દોષતાને દિવ્યતા અર્પવા કાકાશ્રીએ એમને મહાપૂજાની સેવા સોંપી અને આજે ભગવાન જેમની પૂજા ઝંખે એવા એ અનેરા ને વિશિષ્ટ પૂજારી બન્યા છે.

એમની સેવાની ધગશ અને સુરુચિ જોઈ કાકાશ્રી અને કાંતિકાકા ઉત્તરોત્તર જવાબદારી એમને શિર મૂકતા ગયા અને વશીભાઈ પણ બેવડા ઉત્સાહ અને ભજનથી એમાંથી સારધાર પસાર થતા રહ્યા. કાકાજી અને કાંતિકાકાના સ્વધામગમન પછી તો કેવળ તારદેવની જ નહિ પણ કાકાશ્રીના સંબંધવાળા અને હેતવાળા તમામ મુક્તોની સર્વ પ્રકારની ચિંતા ને દેખરેખ એ જાણે પોતાની સર્વપ્રથમ ફરજ હોય એવી ગરજ અને મહિમાથી તેઓ સૌનું ધ્યાન રાખે છે. વળી વ્યવસાયે (C. A.) હોવાથી પોતાની કંપનીમાં ખૂબ જ ઊંચા હોદ્દા પર છે ને તેથી સહજ જ અત્યંત મોટી જવાબદારી એમના શિરે હોય છે. કંપનીના કામકાજ અંગે દેશવિદેશમાં એકધારું વિચરણ હોય, અગત્યની મિટિંગો હોય, ગમે તેવી નાજુક પરિસ્થિતિઓ હોય, અનેક પ્રકારની વિટંબણાઓ હોય પણ એ બધામાં વશીભાઈએ હંમેશા ભગવાનના ભજનનો જ આશરો લીધો છે ને અનેક મુશ્કેલીઓમાંથી એવો તો સફળ રીતે માર્ગ કાઢ્યો છે કે સૌ તેમની આ અનેરી વિશિષ્ટતાને વંદી રહ્યા છે. એટલું જ નહિ પરંતુ ગમે તેવો મોટો ધરતીકંપ જેવો પ્રસંગ બન્યો હોય, કોઈ વડીલ મુક્તએ એમને કદાચ વિના કારણ ખખડાવી નાખ્યા હોય,ઘણાએ ઉપેક્ષા કરી હોય, અનેક પ્રકારની ચારે બાજુથી ભીંસ આવી હોય પણ જ્યારે મહાપૂજામાં તેઓ ધૂન અને પ્રાર્થના કરે ત્યારે પોતે ને પ્રભુ એ બે સિવાય અન્ય કશું જ એમને ભાસે જ નહિ એવી તલ્લીનતાથી તેઓ પ્રભુભક્તિમાં ખોવાઈ જાય છે ને એટલે જ એમની મહાપૂજા નિહાળવી ને તેમાં સહભાગી થવું એ સૌને માટે જાણે એક વિશિષ્ટ લહાવો ને આગવું સંભારણું બની રહે છે.

સત્સંગમાં અને જગતમાં આટલી ઊંચી પદવી પામ્યા છતાં તેમને પોતાની એ આગવી મોટપનું જરાય જાણપણું જ નથી. પાંચ વર્ષનું બાળક હોય કે પંચ્યોત્તેર વર્ષના વયોવૃદ્ધ વડીલ હોય, એ સૌની સાથે એમની કક્ષાએ જઈ એ એટલી રસબસતાથી ભળી શકે છે કે એકવાર મળ્યા પછી એ વ્યક્તિ જાણે એમને ઝંખતી થઈ જાય. સૌ કોઈ ખૂબ જ સહજતાથી એમની પાસે અંતર ખોલી શકે એટલા તેઓ સુહૃદ છે, એ તો ઠીક પણ બીજાની ભૂલ કે વાંક માટે વગર કારણે પોતે વગોવાઈ જાય તો પણ એને તેઓ ભક્તિ માની સહર્ષ સ્વીકારી લે છે. કોઈ પણ સેવામાં, કોઈ પણ અભિયાનમાં પોતે અગ્રેસર હોય તો પણ સાથીમુક્તોને મોટપ આપી તેમને આગળ કરવામાં ને તેમને મોટપ અપાવવામાં જ જાણે તેમને સર્વશ્રેષ્ઠ ખિતાબ મળ્યો હોય એવો આનંદ તેઓ અનુભવે છે.

જગતમાં કે સત્સંગમાં અનેક પ્રકારની વ્યક્તિઓ સાથે અંગત વિશિષ્ટ સંબંધ હોવા છતાં, વ્યક્તિગત હક્કદાવો હોવા છતાં વશીભાઈનો સ્વધર્મ અજોડ છે, તેમનું ચારિત્ર્ય અબોટ છે, કોઈ જરા સરખી પણ આંગળી ચીંધી જ ન શકે એ કક્ષાએ તેમનું જીવન અત્યંત નિષ્કલંક અને પવિત્ર છે. એમની એ વિશિષ્ટતા એમની પ્રતિભાને વધુ દૈદિપ્યમાન અને તેજસ્વી બનાવે છે અને તેમ છતાં સહુ એવા બને એવો હઠાગ્રહ તેઓ રાખતા નથી. ક્યાંય કોઈની ભૂલ દેખાય તો મિત્રભાવે સૂચન કરે છે ને આત્મભાવે તેને માટે અંતરથી પ્રાર્થના પણ કરે જ છે. એ એમની ખાનદાની અને દિલની વિશાળતાની આગવી પિછાણ છે.

પોતાની ઓળખાણથી, આર્થિક અને અન્ય રીતે કેટલાય સત્સંગી યુવક-યુવતીઓને યોગ્ય વ્યવસાયને માર્ગે વાળી અનેક કુટુંબોને વ્યવહારિક રીતે તેઓએ સદ્ધર કર્યાં છે. ઘણી વખત એમની ઓળખાણ કે એમના દરજ્જાનો કોઈ ગેરઉપયોગ કરે, અજુગતી માંગણીઓ કરે તો પણ પોતે જ એમાં સર્વ પ્રકારે નુકસાન વેઠી હંમેશા હસતા રહ્યા છે ને પોતાને પડેલી તકલીફોનો અણસાર પણ આવવા દીધો નથી. વળી પોતાના સંબંધમાં આવનારા નાના-મોટા તમામને કેમ કરી કાકાજી અને સર્વે ગુણાતીત સ્વરૂપોનો સંબંધ થાય, સત્સંગની ઓળખાણ થાય, એમનું કેમ સર્વ પ્રકારે શ્રેય થાય એવી જ ઉત્કંઠા તેમને હૈયે સદાય રહ્યા કરે છે. તનથી હલકા, મનથી હળવા અને આત્માથી જેમને પ.પૂ. સ્વામીજીએ ‘પ્રભુના લાડકવાયા’ તરીકે નવાજ્યા છે તેવા આપણા સૌના પરમ લાડીલા વહાલસોયા વશીભાઈને તેમના ૪૯મા પ્રાગટ્યદિને એ જ પ્રાર્થના કરીએ કે આપણા જીવનમાં પણ એમના જેવી ‘ભૂલકાપણા’ની મંગલ અવસ્થા નિર્માણ થાય અને મોટા પુરૂષને ખૂબ જ ગમે છે તેવી નિર્દંભતા, નિખાલસતા, સરળતા ને સૌથી વિશેષ તો સાધુતા ઉદય થાય એ માટે વશીભાઈ સંકલ્પ કરે, પ્રાર્થના કરે અને પ.પૂ. કાકાશ્રી અને સર્વે ગુણાતીત પુરૂષો આશિષ વરસાવે.